# ચતુર્થ અવિરતિ-સમ્યગ્દૃષ્ટિ અને પંચમ દેશવિરતિ ગુણસ્થાન

[ અવિરતિસમ્યગ્દૃષ્ટિ અને દેશવિરતિ ગુણસ્થાનમાં કેવા ઉચ્ચ ગુણોનો સમાવેશ થાય છે, તે બહુ ટૂંકામાં જણાવવાનો આ લેખનો હેતુ છે. તે ગુણો હોય તો જ ચોથું અને પાંચમું ગુણસ્થાન કહી શકાય છે. જે પૂર્વપૂર્વના ગુણસ્થાનમાં ગુણો હોય, તે ઉત્તરઉત્તર ગુણસ્થાનોમાં હોય જ એમ દરેક સ્થાને સમજી લેવું. ]

**ચોથું અવિરતિસમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાન**–સંપૂર્ણપણે પાપવ્યાપારથી જેઓ વિરમ્યા હોય તે વિરત કે વિરતિ કહેવાય છે અને જેઓ પાપવ્યાપારથી બીલ્કુલ વિરમ્યા નથી તે અવિરત કે અવિરતિ કહેવાય છે. પાપવ્યાપારથી સર્વથા નહિ વિરમેલા સમ્યગ્દૃષ્ટિ આત્માઓ 'અવિરતિ સમ્યગ્દૃષ્ટિ' કહેવાય છે. આ સમ્યગ્દૃષ્ટિ આત્માઓ અવિરતિ નિમિત્તે થતાં દુરંત નરકાદિ દુઃખ જેનું ફળ છે, એવા કર્મબંધને જાણતાં છતાં અને પરમ મુનીશ્વરોએ પ્રરૂપેલ સિદ્ધિરૂપ મહેલમાં ચડવાની નિસરણી સમાન વિરતિ છે એમ પણ જાણતાં છતાં, વિરતિનો સ્વીકાર કરી શકતા નથી તેમ પાલન માટે પ્રયત્ન પણ કરી શકતા નથી; કારણ કે–તેઓ અપ્રત્યાખ્યાનાવરણ કષાયના ઉદયથી દબાએલા હોય છે. તે કષાયો અલ્પ પણ પચ્ચખ્ખાણને રોકે છે ( છતાં અહીં યમ-નિયમના સ્વીકારનો બાધ નથી, કારણ કે–અવિરતિસમ્યગ્દૃષ્ટિ આત્માને પૂ. ઉપાધ્યાયજીકૃત આઠ દૃષ્ટિની સજ્ઝાયમાં તેમજ યોગદૃષ્ટિસમુચ્ચયમાં તેનો સ્વીકાર માનેલો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. મિથ્યાદૃષ્ટિ તથા અભવી જીવોને પણ યમ-નિયમ હોય છે, તો પછી સમ્યગ્દૃષ્ટિને તે હોય તેમાં શું કહેવું ? કોઈક જ શ્રેણિકાદિક જેવા આત્માને તે ન પણ હોય.) તથા અવિરતિનિમિત્તક કર્મબંધને અને રાગદ્વેષજન્ય દુઃખને જાણતાં છતાં, તેમજ વિરતિથી થતાં સુખને ઇચ્છતા છતાં પણ વિરતિ ધારણ કરવા માટે અસમર્થ થાય છે. પોતાના પાપકર્મને નિંદતા એવા જેણે જીવ-અજીવનું, જડ-ચેતનનું સ્વરૂપ જાણ્યું છે, જેની શ્રદ્ધા અચળ છે અને જેણે મોહને ચલિત કર્યો છે, એવો આ **અવિરતિસમ્યગ્દૃષ્ટિ** આત્મા હોય છે. આ અવિરતિ આત્માને અંતરકરણના કાળમાં જેનો સંભવ છે તે 'ઉપશમસમ્યક્ત્વ' અથવા વિશુદ્ધ દર્શન-મોહની-સમ્યક્ત્વમોહની ઉદયમાં છતાં જેનો સંભવ છે તે 'ક્ષાયોપશમિક સમ્યક્ત્વ' અથવા દર્શનમોહનીયનો સર્વથા ક્ષય થવાથી ઉત્પન્ન થતું 'ક્ષાયિક સમ્યક્ત્વ'-આ ત્રણ સમ્યક્ત્વમાંથી કોઈ પણ સમ્યક્ત્વ હોય છે. આ ગુણના પ્રભાવથી આત્મા સ્વપરની વહેંચણી કરી શકે છે અર્થાત્ દેહ અને આત્માના ભેદજ્ઞાનને પ્રાપ્ત કરે છે. આ ભેદ-જ્ઞાનની દુર્લભતા વિષે પૂ. ઉ. શ્રી યશોવિજયજીકૃત '**જ્ઞાનસાર**'ના વિવેકાષ્ટકમાં કહ્યું છે કે—

" देहात्माद्यविवेकोऽयं, सर्वदा सुलभो भवे ।
भवकोट्याऽपितद्भेदविवेकस्त्वतिदुर्लभः ॥ "

સંસારમાં શરીર, આત્મા આદિ શબ્દથી વચન અને ચિત્તનો અવિવેક-અભેદ એ સદા સુલભ છે, પરંતુ તે દેહાત્માદિનું ભેદપરિજ્ઞાન-આત્માની એકતાનો નિશ્ચય કોટિ-

Jain Education International  For Private & Personal Use Only  www.jainelibrary.org

જન્મોવડે પણ અત્યંત દુર્લભ છે. સંસારમાં બધાય ભવસ્થ જીવો શરીર અને આત્માની અભેદ વાસનાથી વાસિત જ હોય છે. ભેદજ્ઞાની કોઈક જ હોય છે. સમયપ્રાભૃતમાં કહ્યું છે કે–

" सदपरिचिदाणुभूता सव्वस्स वि कामभोगबंधकहा ।
एगन्तसुलभो णवरि ण सुलभो विभत्तस्स ॥ "

'સર્વ જીવોને પણ કામભોગાદિ બન્ધની કથા સાંભળવામાં આવી છે, પરિચયમાં આવી છે અને અનુભવમાં આવેલી છે તેથી સુલભ છે, પરંતુ વિભક્ત–શરીરાદિથી ભિન્ન એવા આત્માની એકતા સાંભળવામાં આવી નથી, પરિચયમાં આવી નથી અને અનુભવમાં આવી નથી તેથી સુલભ નથી.'

સમ્યગ્દૃષ્ટિને આવું ભેદજ્ઞાન હોય છે. તેનો સંસાર તરફનો તીવ્ર આસક્તિભાવ ઓછો થઈ ગયેલો હોય છે, તે પૂર્વના અશુભ કર્મના ઉદયથી કદાચ પાપક્રિયામાં પ્રવર્તે તો પણ પશ્ચાત્તાપપૂર્ણ હૃદયે પ્રવર્તે છે અને આત્માને હિતકારી પ્રવૃત્તિમાં ઉલ્લાસપૂર્ણ હૃદયે પ્રવર્તે છે. તેના ગુણોના સ્વરૂપભેદને અવિરતિસમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાન કહે છે. નીચેના ગુણસ્થાનની અપેક્ષાએ અહીં અનંતગુણહીન-વિશુદ્ધિ હોય છે.

**પાંચમું દેશવિરતિ ગુણસ્થાન**–જે સમ્યગ્દૃષ્ટિ આત્મા સર્વવિરતિની ઈચ્છા છતાં પણ પ્રત્યાખ્યાનાવરણ કષાયના ઉદયથી હિંસાદિ પાપવાળી ક્રિયાઓનો સર્વથા ત્યાગ કરી શકતો નથી, પરંતુ દેશથી–અંશતઃ ત્યાગ કરી શકે છે, તે 'દેશવિરતિ' કહેવાય છે. તેમાં કોઈ એક વ્રતવિષયક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્થૂલ સાવદ્ય યોગનો ત્યાગ કરે છે, કોઈ બે વ્રત સંબંધી યાવત્ કોઈ સર્વવ્રતવિષયક અનુમતિ વર્જીને સાવદ્ય યોગનો ત્યાગ કરે છે.

અનુમતિ ત્રણ પ્રકારે છે. ૧–પ્રતિસેવાનુમતિ, ૨–પ્રતિશ્રવણાનુમતિ, અને ૩–સંવાસાનુમતિ. તેમાં જે કોઈ પોતે કરેલા કે બીજાએ કરેલા પાપકાર્યની પ્રશંસા કરે તથા સાવદ્યારંભથી તૈયાર કરેલા ભોજનને ખાય ત્યારે '**પ્રતિસેવનાનુમતિ**' દોષ લાગે છે, પુત્રાદિએ કરેલા હિંસાદિ સાવદ્ય કાર્યને સાંભળે–તેને સંમત થાય પણ તેનો નિષેધ ન કરે ત્યારે '**પ્રતિશ્રવણાનુમતિ**' દોષ લાગે છે અને હિંસાદિ સાવદ્ય કાર્યમાં પ્રવૃત્ત થયેલા પુત્રાદિકમાં માત્ર મમત્વ રાખે, પરંતુ તેના પાપકાર્યને સાંભળે નહિ, વખાણે પણ નહિ ત્યારે તેને '**સંવાસાનુમતિ**' દોષ લાગે છે. તેમાં જે 'સંવાસાનુમતિ' સિવાય સર્વ પાપવ્યાપરનો ત્યાગ કરે છે તે ઉત્કૃષ્ટ દેશવિરતિ શ્રાવક કહેવાય છે અને સંવાસાનુમતિનો પણ જ્યારે ત્યાગ કરે ત્યારે તે યતિ–સર્વથા પાપવ્યાપારથી વિરમેલો સાધુ કહેવાય છે. કહ્યું છે કે–'સમ્યગ્દર્શન સહિત પોતાની શક્તિના પ્રમાણમાં વિરતિને ગ્રહણ કરતો એક વ્રતથી માંડી છેવટ સંવાસાનુમતિ સિવાય સર્વથા પાપવ્યાપારનો ત્યાગી દેશવરતિ કહેવાય છે. તે દેશવિરતિ આત્મા પરિમિત વસ્તુનો ઉપયોગ કરતો અને અપરિમિત અનંત વસ્તુનો ત્યાગ કરતો પરલોકને વિષે અપરિમિત અનંત સુખ પામે છે.' આ દેશવિરતિપણું અપ્રત્યાખ્યાનાવરણ કષાયનો ક્ષયોપશમ થવાથી પ્રાપ્ત થાય છે. આ ગુણસ્થાનકે અવિરતિસમ્યગ્દષ્ટિ

Jain Education International    For Private & Personal Use Only    www.jainelibrary.org

ગુણસ્થાનકની અપેક્ષાએ અનંતગુણી વિશુદ્ધિ હોય છે અને તેના જઘન્યથી માંડી ક્રમશઃ ચડતા ચડતા અસંખ્યાતા સ્થાનકો કહ્યા છે. કહ્યું છે કે-'તે અવિરતિ સમ્યગ્દષ્ટિ ગુણસ્થાનકથી આરંભી ઉત્તરોત્તર વધતી વિશુદ્ધિને પ્રાપ્ત કરતો પૂર્વક્રમે વિશુદ્ધિના અનેક સ્થાનો પર આરૂઢ થાય છે-ચઢે છે અને અપ્રત્યાખ્યાનાવરણીય કષાયનો ક્ષયોપશમ કરે છે તેથી તેને અલ્પ અલ્પ પાપવ્યાપારનો ત્યાગ કરવાની બુદ્ધિ થાય છે.' અહીં પ્રત્યાખ્યાનાવરણીય કષાયનો ઉદય હોવાથી સર્વથા પાપવ્યાપારનો ત્યાગ હોતો નથી. કહ્યું છે કે-સર્વથા પ્રકારે પાપવ્યાપારનો ત્યાગ કરવાની ઇચ્છા છતાં પણ તેને દબાવે છે તેથી પ્રત્યાખ્યાનાવરણીય કહેવાય છે. એ રીતે દેશવિરતિના સ્વરૂપવિશેષને દેશવિરતિ ગુણસ્થાન કહે છે.

## કાર્ય-કારણના નિયમો

કર્મનો સામાન્ય અર્થ-કરાય તે કર્મ. આ અપેક્ષાએ કાર્ય થાય છે. આ કાર્ય માત્રને કારણ હોવું જોઇએ. દરેક કાર્ય ભૂતકાળમાં થયેલા કારણનું કાર્ય છે અને તે જ કાર્ય ભવિષ્યમાં થવાના કાર્યનું પાછું કારણ થાય છે. આ પ્રમાણે જોતાં દરેક કર્મ એક રીતે કાર્ય છે અને બીજી રીતે જોતાં કારણ છે. આ રીતે કાર્ય માત્રને કાર્ય-કારણ સંબંધ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org